પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪૧ | ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૨, બુધવાર; મહા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુક્રેન કોઈનાથી ડરતું નથી : જેલેન્સકીનો પડકાર

## રશિયાનો યુક્રેન સાથે તણાવ વધ્યો : યુક્રેન આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત બોર્ડરની અંદર છે અને રહેશે, રશિયા ગમે તે કાર્યવાહી કરે પણ આપણે શાંત છીએ અને આ માટે દેશવાસીઓને હું અભિનંદન આપુ છું

કિવ,તા.૨૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા તણાવની વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પૂર્વી યુક્રેનના ૨ વિદ્રોહી અને અલગાવવાદી વિસ્તારોમાં ડોનસ્ટેક અને લુગનેસ્કની સ્વતંત્રતાને માન્યતા આપી દીધી છે. પશ્ચિમી દેશોની પાબંધી લગાવવાની ચેતવણી હોવા છતા રશિયન રાષ્ટ્રપતિએ રાજ્ય દ્વારા સંચાલિત ટેલિવિઝન પર પોતાના ભાવનાત્મક સંબોધનમાં બંન્ને વિસ્તારોને સ્વતંત્રાની માન્યતા આપી છે. રશિયાના આ પગલાને કારણે પશ્ચિમી દેશો અને યુક્રેન સાથે તણાવ વધવાની દહેશત વધુ ઘેરી બની છે.

રશિયા અને યુક્રેન વચ્ચે સરહદ પરનો તનાવ યુક્રેનની ટીવી ચેનલોના સ્ટુડિયો સુધી પહોંચી ગયો છે. યુક્રેનમાં તાજેતરમાં એક ન્યૂઝ ચેનલ પર યોજાયેલી ડિબેટમાં એક પત્રકાર અને રશિયા સમર્થક રાજકારણી વચ્ચે ભારે બબાલ થઈ હતી.પુતિન પર આયોજિત ડિબેટમાં પત્રકારે નેતાના ચહેરા પર મુક્કો માર્યો હતો અને કેમેરા સામે જ બંને વચ્ચે મારામારી શરુ થઈ ગઈ હતી.

આ ઝઘડો રશિયન સમર્થક પાર્ટી અપોઝિશન પ્લેટફોર્મ ફોર લાઈફના સાંસદ નેસ્ટર શુફીચ અને પત્રકાર યુરુ બુટુસોવ વચ્ચે થયો હતો.

સાંસદે રશિયન પ્રમુખ પુતિનની ઝાટકણી કાઢવાનો ઈનકાર કરી દીધી બાદ ઝઘડાની શરુઆત થઈ હતી.આ દરમિયાન પૂર્વ પીએમ અને પૂર્વ રાષ્ટ્રપતિ પણ ફાટી આંખે મારામારી જોઈ રહ્યા હતા.

આખરે સ્ટુડિયોમાં હાજર બીજા લોકોએ દરમિયાનગીરી કરીને સાંસદ અને પત્રકારને અલગ કર્યા હતા.એ પછી ચર્ચા ફરી શરુ થઈ હતી.સાંસદ શુફીચને પૂછવામાં આવ્યુ હતુ કે, પુતિન હત્યારા છે ત્યારે શુફિચે તેના પર જવાબ આપવાનો ઈનકાર કરીને કહ્યુ હતુ કે, યુક્રેનના અધિકારીઓ આ વિવાદથી નિપટે તે બહેતર રહેશે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર જેલેન્સકીએ રશિયા સાથે ચાલી રહેલા તનાવ વચ્ચે દેશને સંબોધન કરતા કહ્યુ છે કે, યુક્રેન કોઈનાથી ડરતુ નથી.



રશિયાના આક્રમણની પ્રબળ સંભાવનાઓ વચ્ચે જેલેન્સકીએ કહ્યુ હતુ કે, આપણી પાસે દેશના ઈતિહાસ પરના લાંબા ભાષણનો સમય નથી. હું ગઈકાલની વાત નથી કરવા માંગતો. હું આવતીકાલની વાત કરવા માંગુ છું. યુક્રેન આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત બોર્ડરની અંદર છે અને રહેશે.રશિયા ગમે તે કાર્યવાહી કરે પણ આપણે શાંત છીએ અને આ માટે દેશવાસીઓનુ હું અભિનંદન આપું છું.

જેલેન્સકીએ કહ્યુ હતુ કે, આપણે સમજદાર અને બુધ્ધિશાળીએ છીએ તેમજ આ તનાવ વચ્ચે પણ શાંત મગજથી

● અનુસંધાન પાન-૭ પર

## બે શહેરોને સ્વતંત્ર જાહેર કરવાની સ્ક્રીપ્ટ પાંચ કલાક પહેલાં લખાઈ હતી

### રશિયાના રાષ્ટ્રપતિની ચાલ સમજવી મુશ્કેલ છે : બ્રિટિશ અખબારના અહેવાલ પ્રમાણે દુનિયા સામે રશિયા માત્ર મિડિયા બ્રિફિંગના નામે નાટક કરી રહ્યું હતું

મોસ્કો,તા.૨૨

રશિયન રાષ્ટ્રપતિ પુતિને દુનિયાને ફરી દેખાડી દીધુ છે કે, તેમની ચાલ સમજવી બહુ મુશ્કેલ છેપુતિને મીડિયા સમક્ષ દુનિયાને સંબોધન કરીને યુક્રેનના બે શહેર ડોનેત્સ્ક અને લુહાન્સ્કને સ્વતંત્ર જાહેર કર્યા પણ તેની સ્ક્રિપ્ટ તો પાંચ કહેલા જ લખાઈ ગઈ હતી.

પાંચ કલાક પહેલા જ સેના મોકલવાનો આદેશ પણ અપાઈ ગયો હતો.આમ અમેરિકા અને યુક્રેનને જ્યારે ખબર પડી ત્યારે રશિયન સેના આ શહેરો પર કબ્જા માટે તૈયાર થઈ ગઈ હતી.હવે એવા અહેવાલ સામે આવી રહ્યા છે કે, ડોનેત્સ્કના રસ્તાઓ પર રશિયન ટેક્રો ફરી રહી છે. બ્રિટિશ અખબારના અહેવાલ પ્રમાણે દુનિયા સામે રશિયા માત્ર મીડિયા બ્રિફિંગના નામે નાટક કરી રહ્યુ હતુ.રશિયાના સંરક્ષણ મંત્રીનુ સંબોધન જે સમયે રિલિઝ થયુ ત્યારે તેમના હાથ પરની ઘડિયાળ પાંચ કલાક અગાઉનો સમય બતાવી રહી હતી.

આમ મીડિયા બ્રિફિંગ લાઈવ નહોતુ બલકે પાંચ કલાક પહેલા રેકોર્ડ કરાયુ હતુ અને પાંચ કલાક કે તેના કરતા પહેલા જ પુતિન તમામ સ્કીપ્ટ લખી ચુકયા હતા.

## રશિયન સેનાને ફોરવર્ડ માર્ચિંગનો આદેશ

### ડોનેત્સ્ક અને લુહાન્સકીને અલગ દેશો તરીકે માન્યતા : રશિયન દળોના આગમન પછી, પુતિન ડોનેટ્સક અને લુહાન્સકીમાં યુક્રેનિયન દળો દ્વારા કોઈપણ હુમલાને રોકવા પ્રયાસ કરી રહ્યા છે

કિવ/મોસ્કો ,તા.૨૨

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આદેશ પર મોટી સંખ્યામાં રશિયન સેનાની ટેક્ર પૂર્વી યુક્રેનના વિદ્રોહી વિસ્તારમાં પહોંચી ગઈ છે. અગાઉ, પુતિને યુક્રેનના બળવાખોર પ્રદેશમાં ડોનેટ્સક અને લુહાન્સ્કને અલગ દેશો તરીકે માન્યતા આપી હતી. રશિયન દળોના આગમન પછી, પુતિન ડોનેટ્સક અને લુહાન્સકીમાં યુક્રેનિયન દળો દ્વારા કોઈપણ હુમલાને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ માટે રશિયા હવે બંને વિસ્તારોમાં સૈન્ય મથક બનાવવા જઈ રહ્યું છે. આ સાથે હવે રશિયન સેના યુક્રેનના વિદ્રોહી વિસ્તારમાં લાંબા સમય સુધી રહી શકશે.

યુક્રેનના બંને અલગ થયેલા વિસ્તારો અને રશિયા વચ્ચે થયેલા નવા કરાર અનુસાર રશિયા બે અલગ થયેલા વિસ્તારોમાં સૈન્ય મદદ કરશે. પુતિને નિર્ણય બાદ પોતાના ભાષણમાં કહ્યું કે ડોનેત્સ્ક અને લુહાન્સકીને અલગ દેશો તરીકે માન્યતા આપવાનો નિર્ણય ઘણા સમય પહેલા લઈ લેવો જોઈતો હતો. યુક્રેનમાં સૈનિકો મોકલનાર પુતિને ઉલ્ટાનું કીવને આ બંને વિસ્તારમાં તાત્કાલિક હિંસક કાર્યવાહી બંધ કરવા જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલપ્રદેશમાં ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં ૭ મહિલાનાં મોત

### હિમાચલ પ્રદેશનાં ઉનાના હરોલીના તાહલીવાલમાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો, શ્રમિક મહિલાઓ બળી ગઈ

શિમલા,તા.૨૨

હિમાચલ પ્રદેશના ઉના જિલ્લામાં એક ફેક્ટરીમાં બ્લાસ્ટનો મામલો સામે આવ્યો છે. જ્યાં જિલ્લાના તાહલીવાલ સ્થિત ફેક્ટરીમાં થયેલા આ બ્લાસ્ટમાં ૭ લોકોના મોત થયા છે. આ સિવાય ૧૦ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે, જ્યાં બ્લાસ્ટમાં ૭ મહિલાઓના મોત થયા છે. તે જ સમયે, તમામ ઘાયલ લોકોને ઉનાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.



આ દરમિયાન ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ સાથે જ પોલીસ અને જિલ્લા પ્રશાસનની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને મામલાની તપાસ શરૂ કરી છે. તે જ સમયે, વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ) એ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો છે.

હકીકતમાં, મળતી માહિતી મુજબ, આ બ્લાસ્ટ ઉનાના હરોલીના તાહલીવાલમાં ફટાકડાની ફેક્ટરીમાં થયો છે. જ્યાં અકસ્માત બાદ ઘટનાસ્થળે આગ ફાટી નીકળી હતી અને શ્રમિક મહિલાઓ જીવતી બળી ગઈ હતી. હાલ આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. તે જ સમયે, ઘાયલોને ઉના હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. જો કે ઘાયલોની ચોક્કસ સંખ્યા હજુ જાણી શકાઈ નથી. પરંતુ વિસ્ફોટ બાદ સ્થળ પર છ મૃતદેહો પડ્યા હતા, જે તમામ મહિલાઓના છે. તે જ સમયે, મૃતકોમાં ત્રણ વર્ષની બાળકીનો પણ સમાવેશ થાય છે અને તે બ્લાસ્ટ વખતે તેની માતા સાથે હાજર હતી.

## ન્યુઝીલેન્ડ સામે ભારતીય મહિલા ક્રિકેટરની સૌથી ઝડપી અડધી સદી

### ભારત તરફથી રિચા ઘોષે ૨૬ બોલમાં ૫૨ રન ફટકારી ઝડપી અડધી સદીનો રેકોર્ડ પોતાનાં નામે કરી લીધો




નવી દિલ્હી,તા.૨૨

ભારતીય મેન્સ ટીમની સાથે હવે વુમન ક્રિકેટ ટીમપણ રોજબરોજ નવા રેકોર્ડ સર્જી રહી છે. ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ભારતીય મહિલા ખેલાડીએ સૌથી ઝડપી અડધી સદી ફટકારવાનો નવો વિક્રમ સર્જાયો છે.

વનડે ઈન્ટરનેશનલમાં ભારત તરફથી મંગળવારે રિચા ઘોષએ સૌથી ઓછા બોલમાં અડધી સદી ફટકારી છે. ભારત તરફથી સૌથી ઝડપી વનડે ૫૦નો રેકોર્ડ આજે રિચા ઘોષે ૨૬ બોલમાં ૫૨ રન ફટકારી પોતાના નામે કર્યો છે. આ અગાઉ ફાસ્ટેટ ૫૦નો રેકોર્ડ વેદા ક્રિષ્નમૂર્તિના નામે હતો જેમણે ફેબ્રુઆરી ૨૦૧૮માં દક્ષિણ આફ્રિકા સામે ૩૨ બોલમાં ૭૦ રન ફટકાર્યા હતા.

ભારતીય વુમન્સ ટીમના ફાસ્ટેટ ૫૦ રેકોર્ડ કરનારી ખેલાડીઓ માં ૨૬ –રિચા ઘોષ (૫૨) વિ.ન્યૂઝિલેન્ડ-ડબલ્યુ (ક્વિન્સટાઉન ૨૨ ફેબ્રુઆરી, ૩૨ –વેદા કૃષ્ણમૂર્તિ (૭૦) વિ.દ.આફ્રિકા-ડબલ્યું (કિંમ્બરલે) ફેબ્રુઆરી ૨૦૧૮નો સમાવેશ થાય છે.

## ઉત્તરાખંડમાં લગ્નમાંથી પરત ફરતા વાહન ખીણમાં ખાબકતાં ૧૪નાં મોત

### મૃતકોમાં ૪ મહિલાઓ અને એક ૫ વર્ષની બાળકી પણ સામેલ, ગંભીર રીતે ઘવાયેલા ડ્રાઈવર અને અન્ય એક વ્યક્તિની જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે



શિમલા,તા.૨૨

ઉત્તરાખંડમાં સોમવારે રાત્રે મોટી દુર્ઘટના બની હતી. સોમવાર રાત્રે ચંપાવત જિલ્લાના ડાંડા વિસ્તારમાં જાનમાંથી પરત ફરી રહેલું એક વાહન ખાઈમાં પડી ગયું હતું. જેમાં ૧૪ જાનૈયાઓના મોત થઈ ચૂક્યા છે. દુર્ઘટના બુડમથી લગભગ ત્રણ કિલોમીટર આગળ બની હોવાનું જણાવાઈ રહ્યું છે. અકસ્માત બાદ મૃતદેહોને ખૂબ જ ક્ષતવિક્ષત હાલતમાં જોવા મળ્યા હતા. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા બે લોકોની સારવાર ચાલી રહી છે. મંગળવારે બપોર સુધી તેમનું રેસ્કયુ ઓપરેશન ચાલ્યું હતુ અને તમામ ૧૪ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

થોડા સમય પહેલા ઉત્તર પ્રદેશના કાનપુર ખાતે નશામાં ધૂત ઈલેક્ટ્રિક બસના ચાલકે ૧૫ લોકોને કચડી નાખ્યા હતા. ત્યાર બાદ રાજસ્થાનના કોટા જિલ્લામાંથી પણ અકસ્માતની એક ઘટના સામે આવી હતી જેમાં જાનૈયાઓ ભરેલી ગાડી ચંબલ નદીમાં ખાબકતાં વરરાજા સહિત ૯ લોકોના મોત થયા હતા. ત્યારે ઉત્તરાખંડ ખાતેથી પણ અકસ્માતની એક દર્દનાક ઘટના સામે આવી છે.

જાણવા મળ્યા મુજબ મૈક્સ વાહન નંબર-યુકે, ૦૪, ટીએ-૪૭૧૨માં સવાર તમામ લોકો ટનકપુરની પંચમુખી ધર્મશાળા ખાતે લગ્નમાં સામેલ થઈને ઘરે

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

## બ્રેન્ડ ક્રૂડનો ભાવ બેરલ દીઠ ૧૦૦ ડોલર નજીક પહોંચ્યો

### ભારત પર આર્થિક બોજમાં જંગી વધારો થશે, પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા પડશે જેથી મોંઘવારી વધશે

નવી દિલ્હી, તા.૨૨

રશિયા અને યુક્રેન વચ્ચે હાલમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે ભારતની પરેશાનીમાં વધારો થયો છે. રશિયાની આક્રમક નીતિના કારણે દુનિયામાં પેનિકની સ્થિતિ પેદા થઈ છે અને ક્રૂડ ઓઈલના ભાવ વધી રહ્યા છે. આજે બ્રેન્ડ ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરની બહુ નજીક પહોંચી ગયો હતો અને ગમે ત્યારે ૧૦૦ ડોલરને પાર કરી જાય તેવી શક્યતા છે. તેના કારણે ભારત જેવા વિકાસશીલ દેશ પર આર્થિક બોજમાં જંગી વધારો થશે, પેટ્રોલ- ડીઝલના ભાવ વધારવા પડશે અને મોંઘવારી બેકાબૂ બનશે.

બ્રિટિશ સમય પ્રમાણે સવારે ૯ વાગ્યે ક્રૂડ ઓઈલનો ભાવ બેરલ દીઠ ૩.૪૮ ડોલર (૩.૭ ટકા) વધીને ૯૮.૮૭ ડોલર થયો હતો. અગાઉ તે ૯૯.૩૮ ડોલર સુધી જઈ આવ્યો છે. આમ સપ્ટેમ્બર ૨૦૧૪ પછી ક્રૂડ ઓઈલે આજે સૌથી ઊંચી સપાટી જોઈ હતી. રશિયાએ યુક્રેનથી અલગ થયેલા વિસ્તારોને માન્યતા આપવાનું અને ત્યાં સૈનિકો મોકલવાનું શરૂ કર્યું છે જેના કારણે ટેન્શનમાં વધારો થયો છે. અમેરિકા અને યુરોપીયન દેશો દ્વારા રશિયા પર નવા પ્રતિબંધો ઝીંકવામાં આવશે, જેના કારણે ક્રૂડના સપ્લાયને અસર થશે.

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુટિનના એક પછી એક નિર્ણયોના કારણે કટોકટી વધુ ઘેરી બની રહી છે. ઓઈલ બ્રોકર પીવીએમના ટેમસ વારગાએ જણાવ્યું કે ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરને પાર કરી જાય તેવી શક્યતા વધી છે. જે લોકોએ આ શક્યતા પર દાવ લગાવ્યો છે તેમને પહેલેથી અંદાજ હતો કે રશિયા-યુક્રેન વચ્ચે તણાવ વધશે.

## દેશમાં ૧૩,૪૦૫ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૨૨

ભારતમાં કોરોનાની ત્રીજી લહેર ખતમ થવા તરફ આગળ વધી રહી છે. સતત ત્રીજા દિવસે કોરોનાના ૨૦ હજારથી ઓછા નવા કેસ નોંધાયા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૪૦૫ નવા કેસ નોંધાયા છે અને ૨૩૫ લોકોના મોત થયા છે. એક્ટિવ કેસ ૧,૮૧,૦૭૫ થયા છે. કુલ ડિસ્ચાર્જનો આંકડો ૪ કરોડ ૨૧ લાખ ૫૮ હજાર ૧૫૦ ઉપર પહોંચી ગયો છે. જ્યારે કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧ લાખ ૮૧ હજાર ૦૭૫ થઈ છે. કુલ મૃત્યુ આંક ૫ લાખ ૧૨ હજાર ૩૪૪ થયો છે. ભારત સરકાર દ્વારા રસીકરણની કામગીરી પૂરજોશથી ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૧૭૫ કરોડ ૮૩ લાખ ૨૭ હજાર ૪૪૧ ડોઝ આપવામાં આવ્યા હતા.

લગ્નજીવનની 25મી વર્ષગાંઠ



અમારા માતા-પિતાનું રજત જયંતિ સુધીનું લગ્નજીવન ચાંદીની જેમ ચળકતું રહ્યું છે અને આગળનું જીવન સોનેરી સ્મિત સાથે સુવર્ણ જયંતિ તરફ વિસ્તરે અને મહેકતું રહે એવી ઈશ્વરને પ્રાર્થના. અમારા માતા-પિતા માટે...

અમે કૃતજ્ઞ છીએ, તમારા વિશ્વાસ માટે,
અમે કૃતજ્ઞ છીએ, તમારા પરિશ્રમ માટે,
અમે કૃતજ્ઞ છીએ, તમારા દરેક બલિદાન માટે,
અમે કૃતજ્ઞ છીએ, અમારી ખુશીઓ માટે,
હે વ્હાલા મમ્મી-પપ્પા...
અમે કૃતજ્ઞ છીએ, આ જીવન માટે...

લિ.
ધૃતિ જૈમિન શાહ
કુશાંગ જૈમિન શાહ (+91 8780330874)